જિલ્લાના ક્વોરી માલિકો હડતાલ મુદ્દે મક્કમ

હડતાલ દરમ્યાન ઉત્પાદન, કપચી વેચી તો ક્વોરી માલિકને એસોસીએશનમાંથી બ્લેકલીસ્ટ જાહેર કરાશે

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૩

ક્વોરી ઉદ્યોગોની હડતાલ ૧૨મા દિવસમાં પ્રવેશી છે. પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવે ત્યાં સુધી અરવલ્લી, સાબરકાંઠા જિલ્લાનો ક્વોરી ઉદ્યોગ હડતાલ માટે મક્કમ બન્યો છે. ગત રોજ માધવકંપા પાસે ક્વોરી એસોસીએશનની બેઠક મળી અને સરકાર સામે લડવા માટે ૧૦૭ ક્વોરી માલિકોએ મક્કમ નિર્ધાર વ્યક્ત કરી હડતાલ દરમ્યાન જો કોઈ આર્થિક લાભ માટે કપચી વેચશે તો એસોસીએશનમાંથી તેને બ્લેક લીસ્ટ જાહેર કરવાનો નિર્ણય કરાયો છે. એસોસીએશનની મળેલી બેઠકમાં અરવલ્લી, સાબરકાંઠા અને ખેડાના ક્વોરી માલિકોની સવિશેષ હાજરી જોવા મળી.

જિલ્લામાં ક્વોરી ઉદ્યોગની હડતાલથી અનેક લોકોએ રોજગારી ગુમાવી છે. જ્યારે ક્વોરી ઉદ્યોગ માલિકોને પણ મોટો આર્થિક ફટકો પડી રહ્યો છે. હડતાલમાં અરવલ્લી, સાબરકાંઠા અને ખેડા જિલ્લાના ક્વોરી માલિકો સમર્થન સાથે જોડાયા છે. સરકારે હજુ સુધી પડતર પ્રશ્નોનું કોઈ નિરાકરણ લાવ્યું ન હોવાથી બાયડ તાલુકાના માધવકંપા પાસે યોજાયેલી ક્વોરી એસોસીએશનની બેઠકમાં આગળની રણનીતિ નક્કી કરવામાં આવી છે. ૧૦૭ જેટલા ક્વોરી માલિકોની ઉપસ્થિતિમાં જ્યાં સુધી પડતર પ્રશ્નોનું નિરાકરણ ન આવે ત્યાં સુધી ઉત્પાદન તથા વેચાણ બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો. જેમાં રાજ્ય બ્લેક ટેપ ક્વોરી એસોસીએશનના ઉપપ્રમુખ તેમજ અરવલ્લી જિલ્લા ક્વોરી ઉદ્યોગના પ્રમુખ રમણભાઈ પટેલ, મંત્રી ગોવિંદભાઈ પટેલ તેમજ અન્ય હોદેદારોએ ઉપસ્થિત રહી મક્કમ લડત સાથે ઉત્પાદન અને વેચાણ બંધ રાખવા માટે મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો પરંતુ આ દરમ્યાન જો કોઈ ક્વોરીમાંથી ઉત્પાદન અને વેચાણ થતું જણાઈ આવશે તો તાત્કાલિક તે ક્વોરીના માલિકને એસોસીએશનમાંથી બ્લેકલીસ્ટ જાહેર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ક્વોરી હડતાલના કારણે અરવલ્લી જિલ્લામાં શ્રમજીવીઓએ રોજગારી ગુમાવી, બાંધકામ ક્ષેત્રમાં કપચીની અછત તેમજ ખુદ ક્વોરી માલિકોને મોટો આર્થિક ફટકો પડી રહ્યો છે છતાં સરકાર દ્વારા પડતર માંગણીઓ સ્વીકારવામાં ન આવતાં લડત લંબાઈ શકે છે.

ધનસુરામાં સુરક્ષા જવાન અને સુરક્ષા સુપરવાઈઝરની ભરતીનો કાર્યક્રમ યોજાયો

ભારતીય સુરક્ષા કાર્યદક્ષતા દિલ્હી અને સિક્યોરિટી એન્ડ ઈન્ટેલિજન્સ સર્વિસ ઈન્ડિયા લિ.ના સહયોગ સુરક્ષા જવાન અને સુપરવાઈઝરની ભરતીનું ધનસુરા સહિત જિલ્લામાં વિવિધ જગ્યાએ આયોજન કરવામાં આવ્યું હતું.ધનસુરા માં જે.એસ. મહેતા હાઈસ્કૂલ ખાતે સુરક્ષા જવાન અને સુરક્ષા સુપરવાઈઝર ની ભરતી નો કાર્યક્રમ યોજાયો હતો.જેનાથી યુવાનોને નોકરી ની તક મળશે.આ ભરતીમાં લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારો ડોક્યુમેન્ટ સાથે મોટી સંખ્યા માં ઉપસ્થીત રહ્યા હતા.જિલ્લામાં ૫ દિવસ માં વિવિધ જગ્યાએ યોજાયેલ કાર્યક્રમ માં ૩૫૦ થી વધુ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી પાસ થનાર ઉમેદવારો ને રીજનલ ટ્રેનિંગ સેન્ટર માણસા ખાતે ટ્રેનિંગ આપવામાં આવશે ત્યારબાદ સિલેક્ટ થયેલ ઉમેદવારો ને ભારત સરકાર અને રાજ્ય સરકાર અને પુરાતત્વ , બંદરગા, એરપોર્ટ, ઔધોગિક ક્ષેત્ર અને બેંકો સહિત વિવિધ જગ્યાએ નોકરી અપાશે સિલેક્ટ થયેલ ઉમેદવારો ને પગાર,પ્રમોશન બોનસ સહિત ની સુવિધાઓ અપાશે આ ભરતી માં ઉપસ્થિત ભરતી અધિકારી મૃત્યુંજય કુમારે જિલ્લા વહીવટી તંત્ર નો સહકાર આપવા બદલ આભાર માન્યો હતો.

મોડાસા સ્ટેશન રોડ પર જ્વેલર્સ શો રૂમના ભોંયતળિયે આગ લાગતા અફરા-તફરી

ઉનાળાનો સમય છે ત્યારે આગ લાગવાની ઘટનાઓ ઘટી રહી છે, આ વચ્ચે અરવલ્લી જિલ્લાના મોડાસામાં જ્વેલર્સના શો રૂમ નીચે આગ લાગવાની ઘટના ઘટી હતી. શુક્વારના રોજ સવારના ૧૦.૩૦ કલાના અરસામાં શો રૂમના ભોંયતળિયે આગ લાગતા અફરા-તફરી મચી જવા પામી હતી. આગ લાગવાની જાણ થતાં મોડાસા નગર પાલિકા ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ મોડાસાના સ્ટેશન રોડ વિસ્તારમાં આવેલા એક જ્વેલર્સ શો રૂમ ના ભોંયતળિયે ઈલેક્ટ્રિક રૂમમાં આગ લાગી હતી, પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટથી આગ લાગી હોવાની જાણવા મળ્યું છે. આગ લાગવાની જાણ થતાં મોડાસા નગર પાલિકા ફાયર વિભાગની ટીમને જાણ કરવામાં આવતી ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. સદભાગ્યે આગની ઘટનામાં મોટી દુર્ઘટના ટળી હતી.

ડીસાના ભોયણ નજીક લક્ઝરી બસ અને જીપ ટકરાતાં એકનું મોત

ડીસા નજીકના ભોંયણ પાસે આજે ડિવાઈડર ઓળંગી રોંગ સાઈડમાં આવેલી જીપ સરકારી લકઝરી એસટી બસ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો.અકસ્માતના પગલે ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.અકસ્માતમાં જીપ ચાલકને ગંભીર ઈજા થતાં સારવાર માટે ડીસા સિવિલ ખાતે ખસેડાયો હતો જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. સદનસીબે બસમાં બેઠેલ ૪૦ મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. બનાસકાંઠા જિલ્લામાં માર્ગ અકસ્માતના બનાવોમાં ચિંતા જનક વધારો થઈ રહ્યો છે.ત્યારે આજે ડીસાના ભોયણ નજીક વધુ એક અકસ્માતની ઘટના બની છે જેમાં ધાનેરાથી અમદાવાદ જતી સરકારી બસ ભોંયણ નજીકથી પસાર થતી હતી .તે દરમિયાન રોંગ સાઈડમાંથી ડિવાઈડર ઓળગી આવી રહેલી જીપ બસ સાથે ધડાકાભેર અથડાઈ જતા અકસ્માત સર્જાયો હતો.જેમાં જીપના આગળના ભાગના કુર્ચેકુર્ચા નીકળી ગયા હતાં.તેમજ બસ પણ ડીવાઈડર તોડી રોડની નીચે ઉતરી ગઈ હતી પરંતુ બસ ડ્રાઈવરે સમયસૂચકતા દાખવી બસને સાઈડમાં ઉતારી દેતા બસમાં સવાર ૪૦ જેટલા મુસાફરોનો બચાવ થયો હતો. જોકે અકસ્માતના પગલે ઘટના સ્થળે ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને જીપના ચાલક જગદીશરામ નેનારામ (રહે.રાજસ્થાન) ને ગંભીર ઈજા થતાં સારવાર માટે ડીસા સિવિલ ખાતે ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું .અકસ્માતના પગલે ડીસા તાલુકા પોલીસની ટિમ પણ ઘટના સ્થળે દોડી આવી હતી અને તપાસ હાથ ધરી હતી.

કરીયાણા મરચન્ટ એસોસિયેશન દ્વારા ૪૫૦ લીટર છાશનુ વિતરણ

ડીસા રીસાલા બજાર પાસે ચોખાવાલા બીલ્ડીંગ પાસે ડીસા કરીયાણા મરચન્ટ એસોસિયેશન ના હોલસેલ વેપારી દ્વારા ગરમી વધુ હોવા કારણે ૪૫૦ લીટર છાશ નું વિતરણ કરવામાં આવ્યું હતું

અરવલ્લીમાં ખાદ્ય ચીજોમાં ભેળસેળની ભરમાર

પેકીંગ મરચામાં બેક્ટરીયા, તેલમાં સીસાની જોખમી હાજરી જણાઈ

ફૂડ વિભાગે લીધેલા ૩ નમૂના નાપાસ, પેઢી માલિક, ઉત્પાદકો સામે કોર્ટ રાહે કાર્યવાહી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૩

અરવલ્લી જિલ્લામાં ખાદ્ય ચીજવસ્તુઓમાં ભેળસેળની બોલબાલા વધી છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ઈન્સ્પેક્ટરી દ્વારા જિલ્લાના ઉભરાણ, શામળાજી અને મેઘરજમાંથી લીધેલા પેકીંગ મરચા અને તેલના સેમ્પલમાં બેક્ટરીયા તેમજ સીસાની જોખમી હાજરી મળી આવતાં ફૂડ વિભાગ દ્વારા પેઢી માલિકો તેમજ ઉત્પાદકો સામે કોર્ટ રાહે કાર્યવાહી કરવાની તૈયારી શરુ થઈ છે.

જિલ્લામાં ફૂડ સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન કરી પ્રજાના આરોગ્ય સાથે ચેડાં થઈ રહ્યાં છે. ખાદ્ય ચીજવસ્તુઓમાં ભેળસેળના કારણે માનવ આરોગ્ય ઉપર કેટલાક તત્વોએ જોખમ ઉભું કર્યું છે જેના કારણે ફૂડ વિભાગ દ્વારા સમયાંતરે વિવિધ ચીજવસ્તુઓના નમૂના એકત્ર કરી પરીક્ષણ માટે ગાંધીનગરની લેબોરેટરીમાં મોકલવામાં આવતા હોય છે. જિલ્લા ફૂડ વિભાગના ડેઝીગ્નેટેડ ઓફીસર બી.એમ.ગણાવાના માર્ગદર્શન હેઠળ ફૂડ ઈન્સ્પેક્ટરોની વિવિધ ટીમોએ મરચામાં થઈ રહેલ ભેળસેળ સંદર્ભે માલપુર તાલુકાના ઉભરાણની મે.ગાયત્રી કિરાણા સ્ટોર્સ અને શામળાજીની મનિષ કિરાણા સ્ટોર્સમાંથી મરચાનાં સેમ્પલ લીધાં હતાં જેમાં લેબોરેટરી પરીક્ષણમાં બંન્ને સેમ્પલ નાપાસ થયાં છે. કંપની પેકીંગ મરચામાં સાલમોનેલા(બદ્રીયા)ની હાજરી જણાઈ આવી છે જે માનવ સ્વાથ્ય માટે જોખમી છે. જ્યારે મેઘરજમાંથી ફૂડ ઈન્સ્પેક્ટરોની ટીમે ગુજરાત પાર્લરમાંથી તેલનો નમૂનો લીધો હતો જે ફૂડ વિભાગના માપદંડોમાં નિષ્ફળ રહ્યો આ સાથે તેલમાં આરોગ્ય માટે જોખમી એવા સીસાની હાજરી જણાઈ છે જેથી ઉપરોક્ત તમામ પેઢી માલિકો અને ઉત્પાદકો સામે ફૂડ વિભાગ દ્વારા કોર્ટ રાહે કાર્યવાહી કરવા તૈયારીઓ આરંભી છે.

કોની સામે કોર્ટ કાર્યવાહી થશે...

ગજાનંદ તેજાલાલ મરચું

(૧) સુરેશભાઈ બાલાભાઈ પટેલ
(૨) દિવાન ગોળી-બિસ્કી, ગાબટ, તા.બાયડ
(૩) ઉત્પાદક ગજાનંદ સ પ્રા.લી., સાંતેજ, તા.કલોલ
મે.ગાયત્રી કિરાણા સ્ટોર્સ, ઉભરાણ, તા.માલપુર

મિશ્રા મરચું

(૧) મનિષકુમાર લક્ષ્મણભાઈ પટેલ મે.મનિષ કિરાણા સ્ટોર્સ, શામળાજી
(૨) ઉત્પાદક મિશ્રા ન્યુટ્રી ફૂસ,ગણેશપુરા, બાયડ રોડ, તા.બાયડ

હરીઓમ અમૃત સીંગતેલ

(૧) અંજુમબેન મહંમદહાસ્મી બાકરોલીયા ગુજરાત પાર્લર, મેઘરજ
(૨) જગદીશ કિરાણા સ્ટોર્સ, તાલુકા પંચાયત પાસે, મેઘરજ
(૩) ઉત્પાદક હરિઓમ એન્ટરપ્રાઈઝ, જી.આઈ.ડી.સી., છત્રાલ

ભેળસેળ કરનારાઓને મહિનાની સજા, ૫ લાખના દંડની જોગવાઈ

અરવલ્લી જિલ્લા ફૂડ વિભાગના ડેઝીગ્નેટેડ ઓફીસર બી.એમ.ગણાવાએ જણાવ્યું કે જિલ્લામાં વિભાગ દ્વારા ખાદ્ય ચીજવસ્તુઓમાં થતી ભેળસેળ અટકાવવા માટે પેકીંગ મરચા તેમજ તેલના નમૂના લેવામાં આવ્યા જે પરીક્ષણમાં નાપાસ જાહેર થયા છે જેથી ખાદ્ય ચીજવસ્તુઓમાં ભેળસેળ કરનારાઓ સામે યોગ્ય આધારપુરાવા સાથે કોર્ટ કેસ કરાશે જેમાં દોષિતો સામે ૬ મહિનાની સજા અને રુ ૫ લાખના દંડની કાયદામાં જોગવાઈ હોવાનું જણાવ્યું હતું.

ખેતી ક્ષેત્રે રાસાયણિક દવાઓના આડેધડ ઉપયોગથી પક્ષીઓનું અસ્તિત્વ જોખમાયું

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં લુપ્ત થતાં ઘરઆંગણાનાં પક્ષી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૩

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાક વર્ષોથી ખેતી ક્ષેત્રે આડેધડ રાસાયણિક દવાઓનો ઉપયોગ થતાં તેની આડઅસર પક્ષી જગત ઉપર જોવા મળી છે. રાસાયણિક દવાઓના પ્રભાવથી પક્ષીઓનું અસ્તિત્વ જોખમાતાં ઘરઆંગણાનાં પક્ષીઓ લુપ્ત થઈ રહ્યાં છે. જિલ્લામાં હોલા, તેતર, ઢેબર સહિતનાં પક્ષીઓ ચોંકાવનારી રીતે અદ્રશ્ય થઈ રહ્યાં છે.

આધુનિક સમયમાં જૈવિક ખેતીના પ્રયાસોને બહુ સફળતા પ્રાપ્ત થઈ નથી. મોટા ભાગના ખેડૂતો ખેતી પાકને રોગ તેમજ જીવાતથી બચાવવા રાસાયણિક દવાઓનો વધુ ઉપયોગ કરતા જોવા મળી રહ્યા છે. જિલ્લામાં ખેતીક્ષેત્રે રાસાયણિક દવાઓનો વધુ ઉપયોગ શરૂ થતાં કેટલીક પક્ષી જાતિઓનું સમુળગું નિકંદન નિકળી ગયું છે. રાસાયણિક દવાઓની વિપરીત અસરથી પક્ષીઓની પ્રજનન શક્તિ ઘટી જતાં ઘરઆંગણાના પક્ષીઓ ચોંકાવનારી રીતે લુપ્ત થઈ રહ્યાં છે. અગાઉ ડાયક્લોફેનિક દવાના વધુ પડતા ઉપયોગથી કુદરતનો સફાઈદાર ગણાતા ગીધ જાતિનું નિકંદન બંન્ને જિલ્લાઓમાંથી નિકળી ચૂક્યું છે. માત્ર વિજયનગરના જંગલ વિસ્તારમાં આંગળીના વેઢે ગણી શકાય તેટલાં માંડ ગીધ બચ્યાં છે ત્યાં રાસાયણિક દવાઓના આડેધડ ઉપયોગથી હોલા, તેતર, ઢેબર સહિતનાં પક્ષીઓનું કાસળ નિકળી રહ્યું છે. જિલ્લામાં ખેતરમાં ચણ ચરતા પક્ષીઓ રાસાયણિક દવાઓના સંપર્કમાં ઝડપથી આવી જતાં હોવાથી પક્ષીઓની પ્રજનન ક્ષમતામાં ધરખમ ઘટાડો નોંધાવવાની સાથે રાસાયણિક દવાઓના પ્રકોપથી પક્ષીઓ રોગનો શિકાર બની મોતના મુખમાં ધકેલાઈ જતાં અનેક પક્ષી જાતિનું નિકંદન નિકળવા મોંડ્યું છે. ખેતી ક્ષેત્રે જૈવિક દવાઓનો ઉપયોગ શરૂ નહીં થાય તો આગામી દિવસોમાં ઘરઆંગણાના પક્ષીઓ માત્ર પુસ્તકોમાં જ જોવા મળે તેવી સ્થિતિના અણસાર મળી રહ્યા છે.

ચાણક્ય વિદ્યાલય- મોડાસા બોર્ડ - ગુજકેટ પરિણામમાં ઝળકી : બોર્ડ પરિણામમાં છાત્રોનો ઝળહળતો દેખાવ

બાયડ (બ્યુરો ઓફિસ), તા. ૧૩

મોડાસાના ચાણક્ય વિદ્યાલય ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટ પરિણામમાં ઝલકી છે. ૬ છાત્રોએ સ્કૂલને ઝળહળતા પરિણામથી ગૌરવ અપાવતાં શાળા સંકુલમાં આનંદ છવાયો છે. રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા ગુરુવારે જાહેર થયેલા પરિણામમાં ચાણક્ય વિદ્યાલય - મોડાસાના ૩ છાત્રો જિલ્લામાં પ્રથમ સ્થાને ઝળક્યા છે. જેમાં રુચિસ મયંકભાઈ પટેલ ૯૯.૮૯ પર્સન્ટાઈલ રેન્ક (૯૯.૮૯ ગુજકેટ) સાથે જિલ્લામાં પ્રથમ, ધ્રુવિલ કિરીટભાઈ પટેલ ૯૯.૯૬ પર્સન્ટાઈલ રેન્ક (૯૯.૯૨ ગુજકેટ) સાથે જિલ્લામાં બીજા અને પરાશર દિપકભાઈ પટેલ ૯૯.૯૮ પર્સન્ટાઈલ રેન્ક (૯૯.૯૬ ગુજકેટ) સાથે બીજા સ્થાને ઉત્તિર્ણ થતાં સ્કૂલના તમામ તેજસ્વી છાત્રોને સંચાલક પિનલભાઈ પટેલ અને સ્ટાફે અભિનંદન પાઠવ્યા હતા.

મોડાસાના હજીરા વિસ્તારમાં GSTના નામે સરકારને કરોડોનું ચુનો લગાવતા વેપારીઓ

'ચિઠ્ઠી' વ્યવહાર કરી બોગસ બિલિંગને પ્રોત્સાહન...!!

મોડાસા, તા. ૧૩

સરકાર દ્વારા GST લાગૂ કરવામાં આવેલું છે, પણ કેટલાય વેપારીઓ ગ્રાહકોને તો છેતરે જ છે સાથે સાથે સરકારને પણ કરોડો રૂપિયાનો ચુના લગાવે છે, પણ જીએસટી વિભાગ ક્યારે કાર્યવાહી કરશે તે સવાલ છે. તમામ ટેક્સ સરકારે હટાવી દીધા અને એક માત્ર જીએસટી લાગુ કર્યો છે, પણ તેમાંય વેપારીઓ સરકારને કરોડો રૂપિયાનો ચુનો લગાવી દેતા હોય અને કરચોરી કરીને લાખો કરોડો રૂપિયાની કમાણી કરીને બ્લેક મની એકઠી કરી દે છે.

કાચના વેપારીએ 'કાચી ચિઠ્ઠી' થોંપી દીધી.. !

નિયમ મુજબ જો જીએસટી નંબર હોય તો ટેક્સ ઈનવોઈસ આપવું પડતું હોય છે અને જીએસટી ન હોય તો બિલ ઓફ સપ્લાય અપાય છે, પણ અહીં તો બિલ પર લખેલું હતું કે CASH/ DEBIT MEMO આવું તે કેવું બિલ, આમ કરીને લૂંટી લઈને નિયમોની ઐસી કી તૈસી કરીને છેતરપિંડી કરતા હોય છે.

મોડાસાના હજીરા વિસ્તારમાં મોટા પાયે સ્પેર પાર્ટ્સ તેમજ માર્બલ્સ અને હાર્ડવેરની દુકાનોના હોલ સેલર્સ વેપારીઓ છે, જેઓના માલ રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં પહોંચે છે અને લાખો કરોડો રૂપિયાના ટર્ન ઓવર થતાં હોય છે. આ સાથે જ મોડાસા ટ્રક એસોસિએશનનું હબ માનવામાં આવે છે ત્યારે આ વેપારીઓ માત્ર ચિઠ્ઠી વ્યવહાર કરીને કરચોરીમાં માસ્ટર બની ગયા છે. પણ જીએસટી વિભાગનું ધ્યાન ક્યારે જશે તે એક સવાલ છે.

GST નંબર હોય તો નિયમ શું છે

જે વેપારીઓ પાસે GST નંબર હોય તેમને દુકાન ઉપર GST નંબર લખવાનો હોય છે જેથી ગ્રાહકને ખ્યાલ આવી શકે અને ટેક્સ ઈનવોઈસ બિલ આપવાનું હોય છે પણ કેટલાક દુકાનદારો પાસે GST નંબર હોવા છતાં દુકાનો પર નંબર લખતા નથી અને બિલબૂક પર ટેક્સ ઈનવોઈસ પણ લખેલ હોતું નથી અને માત્ર ચિઠ્ઠી વ્યવહાર કરીને ગ્રાહકોને તો છેતરે જ છે સાથે સાથે સરકારને પણ કરોડો રૂપિયાનો ચુનો લગાવી દેતા હોય છે.

GST નંબર ન હોય તો નિયમ શું છે

જો કોઈ વેપારીનું ટર્ન ઓવર ઓછું થતું હોય તો તેમણે બિલ બૂક પર બિલ ઓફ સપ્લાય લખવું ફરજીયાત હોય છે અને આ બિલ આપવાના હોય છે, પણ આવા વેપારીઓ માત્ર ચિઠ્ઠી પર લખીને સરકારને કરોડો રૂપિયાનો ચુનો લગાવી દે છે અને કાળી કમાણી કરી લેતા હોય છે. અહીં વેપારીઓ પાસે ન તો બિલ ઓફ સપ્લાય બૂક હોય છે ન તો ટેક્સ ઈનવોઈસ અને જો હોય તો તેનો ઉપયોગ માત્ર નામ પૂરતો જ થતો હોય છે, જે બ્લેક ને વ્હાઈટ કરવા.

મોડાસા—શામળાજી રોડ પર માઝૂમ નદી પછી હજીરા વિસ્તારોમાં સ્પેર પાર્ટ્સ, માર્બલ્સ, ગાડીઓના કાચના શો રૂમ, ટાયરના શો-રૂમ, સાયકલના શો રૂમ તેમજ અન્ય મોટા શો-રૂમ આવેલા છે, પણ કેટલીય જગ્યાએ જીએસટીના નામે ગ્રાહકો સાથે છેતરપિંડી થતી હોય છે અને માત્ર તમામ વ્યવહારો ચિઠ્ઠી પર કરવાની આદત પડી ગઈ છે અને સરકારી તિજોરી પર કરોડો રૂપિયાનો ચુનો લગાવી દેતા હોય છે. આ સાથે જ સર્વિસ સેક્ટરમાં પણ આ જ હાલત જોવા મળી રહી છે. આ સાથે જ એવું પણ જાણવા મળ્યું છે કે, વેપારીઓ બે બિલ બૂક ધરાવતા હોય છે, જ્યારે જીએસટી રીટર્ન ભરવાનું થતું હોય ત્યારે આ લોકો ડુપ્લિકેટ બિલબૂકમાં જે બિલ ફાળેલા હોય તે નથી બતાવતા અને ટર્ન ઓવર ઓછું કરીને જીએસટીની ચોરી કરીને બોગસ બિલિંગને પ્રોત્સાહને આપે છે.

વેપારીઓ શું કરે છે ?

જો ગ્રાહકને ચિઠ્ઠી આપવામાં આવે તો વેપારીઓ ડરાવતા હોય છે કે, જીએસટી વાળું બિલ લેશો તો આટલો ટેક્સ લાગશે, ફલાણું થશે, આટલો ભાવ વધી જશે, આટલું નુકસાન થશે વગેરે વગેરે અને આખરે ગ્રાહકોને વિશ્વાસમાં લઈને માત્ર ચિઠ્ઠી આપી દેવામાં આવે છે, જેથી તેઓથી કાળી કમાણી કરી લેતા હોય છે અને સાથે સાથે સરકારને કરોડો રૂપિયાનો ચુનો પણ ચોપડી દેતા હોય છે.

જયોતિ હાઈસ્કૂલ ખેડબ્રહ્માનુ ૬૩.૪૮ ટકા પરિણામ

ખેડબ્રહ્મા,તા.૧૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ માસ માં લેવાયેલ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં જયોતિ હાઈસ્કૂલ ખેડબ્રહ્માનુ ૬૩.૪૮% પરિણામ આવ્યુ હતુ, જેમાં (૧) યશ કે.પટેલ ૯૨.૯૩ (૨) રીતેષ એમ. પરમાર ૯૧.૯૦ (૩) પ્રતિક વી. પ્રજાપતિ ૮૦.૫૪ (૪) આયર્ન એન. પરમાર ૭૭.૮૮ (૫) સુમિત એ. પ્રજાપતિએ ૭૭.૬૪ પર્સન્ટાઈલ માર્ક મેળવીને હાઈસ્કૂલનુ ગૌરવ વધાર્યું છે. તમામ વિધાર્થીઓને મંત્રી જેઠાભાઈ પટેલ અને આચાર્ય સુરેશભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

નર્મદાનું પાણી દાંતીવાડા ડેમમાં નાખવાની કામગીરી રવિવારથી શરૂ કરાઈ

૫૦ ક્યુસેક પાણી ડેમમાં ઠલવાઇ રહ્યું છે

પાલનપુર તા. ૧૩

નર્મદા નહેરનું પાણી પાઈપલાઈનથી ડેમમાં નાખી શકાય તે માટેના પ્રોજેક્ટનું આનંદીબહેનની સરકાર વખતે લોકાર્પણ થયું હતું. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ ગણપતભાઈ કે .જોશી જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,પાછલા બે વર્ષમાં અપૂરતા વરસાદના લીધે અને કાળઝાળ ગરમીના લીધે લાખો લિટર પાણી રોજેરોજ બાષ્પીભવન થતાં દાંતીવાડા ડેમની સપાટી ઝડપથી ઘટવા લાગતા ડેમમાં પાણી છોડાયું છે.

રવિવારથી પ્રતિ સેકન્ડ ૫૦ ક્યુસેક પાણી ડેમમાં નાખવામાં આવી રહ્યું છે. નર્મદા કેનાલ થી દાંતીવાડા ડેમની વચ્ચે ૮૦ કિમી લાંબી પાઈપ લાઈન નાખવામાં આવેલી છે. ચાંગા રામપુરા અને ભડથ ગામમાં પંપીંગ સ્ટેશન બનાવીને આ પાણી લાવવામાં આવ્યું છે. ૨૦૧૩ ૧૪ માં આ સમગ્ર પ્રોજેક્ટ પૂર્ણ થયો હતો. જળસંપતિ નિગમના ઈજનેરોએ નીતિન પટેલે જણાવ્યું કે 'ઉનાળામાં પીવાના પાણીની તકલીફ ન પડે તે માટે નર્મદા કેનાલનું પાણી દાંતીવાડા ડેમમાં છોડવામાં આવી રહ્યું છે.

વડાલી કેન્દ્રમાં શેઠ કે.ટી. હાઈસ્કૂલના પ્રથમ પાંચ વિદ્યાર્થીઓ ઝળક્યા

ખેડબ્રહ્મા,તા.૧૩

ગત માર્ચમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ ની પરીક્ષા લેવાઈ હતી. જેમાં વડાલી પરીક્ષા કેન્દ્રમાં પ્રથમ પાંચ ક્રમે ખેડબ્રહ્માની શેઠ કે.ટી.હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ મેદાન માર્યું હતુ, જેમાં (૧) ત્રિજા જે.પટેલ ૯૯.૪૭ (૨) વૈભવ એસ.સોની ૯૯.૨૪ (૩) જય કે. દરજી (૪) વરુણ આર. રાઠોડ ૯૮.૫૬ અને (૫) કોનિક બી. પરમારે ૯૮.૨૬ પર્સન્ટાઈલ રેંક મેળવીને વડાલી પરીક્ષા કેન્દ્ર તથા હાઈસ્કૂલનુ ગૌરવ વધાર્યું છે. કુલ પરિણામ ૬૫ ટકા આવતાં કેળવણી મંડળના પ્રમુખ અશ્વિનભાઈ જોષી, ઉપપ્રમુખ કનુભાઈ પટેલ, મંત્રી શૈલેષભાઈ મહેતા, આચાર્ય વિભાષભાઈ રાવલ, સુપરવાઈઝર કપીલભાઈ જોષી અને સાયન્સ વિભાગના શિક્ષકોએ સફળતા મેળવેલ વિધાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.